Cervical Screening London

NHS England London

# HPV જાતે નમૂનો લેવા માટેનું પેક


આ પેકમાં જાતે નમૂનો લેવા માટે જરૂરી સામગ્રીઓ છે.

## અગત્યની માહિતી


- કૃપા કરીને તમારો નમૂનો લેવાનો પ્રયાસ કરતાં પૂર્વે આ સૂચનાઓને કાળજીપૂર્વક અને પૂરેપૂરી રીતે વાંચશો.
- જો આ સૂચનાઓને અનુસરવામાં આવે તો તમને નહિવત અસ્વસ્થતાનો અનુભવ થશે અને કોઈ પીડા નહિ થાય.
- આ સ્થિતિઓમાં નમૂનો લેવાનું કામ હાથ ધરાવું જોઈએ નહિ: રજોસ્ત્રાવ (તમારા માસિક) દરમ્યાન, ગર્ભાવસ્થા દરમ્યાન, પ્રસૂતિ બાદના ત્રણ મહિનામાં, જો તમે તાજેતરમાં સ્ત્રીરોગ સંબંધિત શસ્ત્રક્રિયા કરાવી હોય, અથવા અસાધારણ રકતસ્ત્રાવ થતો હોય કે પેડુમાં દુખાવો થતો હોય.
- જો પાછલા 3 દિવસની અંદર તમે યોનિમાં મૂકવાની ગોળી, ક્રીમ અથવા વૉશ, યોનિમાં ઉપયોગમાં લેવાના ગર્ભનિરોધકો અથવા કોન્ડમનો ઉપયોગ કર્યો હોય તો નમૂનો લેવો જોઈએ નહિ.
- જો પાછલા 2 દિવસની અંદર લૈંગિક સંબંધ બાંધ્યો હોય, અલ્ટ્રાસાઉન્ડ સ્કૅન કરાવ્યા હોય અથવા સ્ત્રીરોગ સંબંધિત તપાસ કરાવી હોય તો નમૂનો લેવો જોઈએ નહિ.
- જો તમને સમસ્યાઓ હોય, અસ્વસ્થતા થતી હોય/માથું ભમતું હોય, તો કૃપા કરીને થોભો અથવા તમારા સ્વાસ્થ્યકાળજી વ્યવસાયિકની સલાહ લો.
- સ્વૉબ પ્રાણીજન્ય ઘટક ધરાવતું નથી.

## નમૂના માટેના પેકની સામગ્રી


કૃપા કરીને એ તપાસી લેશો કે પેકમાં નીચે જણાવેલી બધી વસ્તુઓ ભરેલી છે.
જો કોઈપણ વસ્તુ ખૂટતી જણાય અથવા ક્ષતિગ્રસ્ત હોય, તો નમૂનો લેવાનું કામ આગળ વધારશો નહિ, સહાય માટે તમારા સ્વાસ્થ્યકાળજી વ્યવસાયિકનો સંપર્ક કરશો.




**યોનિ માટે સ્વૉબ અને નમૂનો ભરવા માટે ટ્યુબ**




**નમૂનો પરત કરવા માટે થેલી**





**નમૂના માટે લેબલ**

## દર્દી માટે સૂચનાઓ - સ્વૉબ નમૂનો

**1**

તમારા હાથ સાબુવાળા હૂંફાળા પાણીથી ધુઓ. સ્વૉબ અને નમૂનો ભરવા માટેની ટ્યુબ ધરાવતું પેક ખોલો.


નમૂનો ભરવા માટેની ટ્યુબનું ઢાંકણ ખોલો અને તેને એક બાજુએ મૂકી દો.



**2**

નમૂનો લેતી વખતે અનુકૂળ સંતુલન જાળવવું અગત્યનું છે.
તમે ઊભેલી સ્થિતિમાં તમારો નમૂનો લઈ શકો છો.

તમારો નમૂનો લેતાં પહેલાં સ્વૉબ ટ્યુબનું સીલ ખોલવા માટે ઢાંકણ ફેરવો.




**3**

તમારો નમૂનો લેવા માટે સ્વૉબને ટ્યુબમાંથી બહાર કાઢો અને દાંડીની વચ્ચેની લાલ નિશાની પાસેથી તેને તમારી આંગળીઓ વડે પકડો. **તેને લાલ છેડા વાળા ઢાંકણા વડે પકડશો નહિ.**

**નમૂનો લેવાની પ્રક્રિયા દરમ્યાન કૃપા કરીને સ્વૉબના સફેદ છેડાને કોઈપણ સપાટી સાથે સ્પર્શવા દેશો નહિ. જો સ્વૉબ કોઈપણ તબક્કે કોઈ સપાટીને સ્પર્શી જાય તો એક નવા પેક માટે વિનંતી કરો.**




**4**




સ્વૉબને તમારી યોનિમાં દાખલ કરતી વખતે અથવા બહાર કાઢતી વખતે સીધું પકડો. તમારા બીજા હાથ વડે, યોનિની બહારની ત્વચાને હળવેથી ફેલાવો.સ્વૉબના છેડાને યોનિના મુખમાં દાખલ કરો. છેડાને તમારી પીઠના નીચલા ભાગ તરફ જતી હોય તે રીતે રાખો અને તમારા સ્નાયુઓને શિથિલ કરો.

**5**



સ્વૉબને તમારી યોનિમાં અહીં બતાવ્યા પ્રમાણે દાખલ કરો. જો સ્વૉબ સહેલાઈથી સરકે નહિ, તો તમે દાખલ કરતા જાવ તેમ તેને હળવેથી ગોળ ઘુમાવતા જાઓ. લાલ લીટી પરની તમારી આંગળીઓ તમને બહુ આગળ સુધી જતાં રોકશે. જો તે ખૂબ મુશ્કેલ લાગતું હોય, તો આગળ વધવાનો પ્રયાસ કરશો નહિ.

**6**




સ્વૉબને 10-30 સેકન્ડ સુધી ઘુમાવો, તે તમારી યોનિની દીવાલને સ્પર્શતું હોય તેની ખાતરી કરો, ત્યારબાદ સ્વૉબને કાળજીપૂર્વક બહાર કાઢો.

**7**


સ્વૉબને નમૂનો ભરવાની ટ્યુબમાં કાળજીપૂર્વક મૂકો.

ટ્યુબને સ્થિર પકડી રાખીને દાંડીને લાલ લીટી પાસેથી બટકાવી દો. સ્વૉબનો દાંડી વાળો છેડો ફેંકી દો, રૂ વાળો છેડો રહેવા દો.



**8**

ઢાંકણું ફેરવીને બંધ કરી નમૂનો ભરવાની ટ્યુબને પાછી ચુસ્ત બંધ કરો.



**હવે તમે સ્વૉબ તમારા સ્વાસ્થ્યકાળજી વ્યવસાયિકને પરત સોંપવા માટે તૈયાર છો. તેઓ તમારા નમૂનાને પરીક્ષણ માટે મોકલવામાં આવે તે પહેલાં જરૂરી પ્રક્રિયાઓ પૂરી કરશે.**

**સ્વૉબ ભરવાની ટ્યુબ, નમૂના માટેની પારદર્શક થેલી, નમૂના માટે લેબલ અને આ સૂચના પત્રક તમારા સ્વાસ્થ્યકાળજી વ્યવસાયિકને સોંપી દો.**

આ સૂચનાઓને અન્ય ભાષાઓમાં જોવા માટે
કૃપા કરીને અહીં મુલાકાત લેશો:
www.hslpathology.com/cervical-screening-self-collection


© The Doctors Laboratory Limited, 2025.
સચિત્ર ઉદાહરણો: © Jag Matharu/Thin Air Productions


TAP5692B-GUJARATI/04-08-25/V8